For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

# નર્મદા પ્રગતિ પથ

# હવે સુરતથી જબલપુર માત્ર 12 જ કલાકમાં જ પહોંચી શકાશે

**નેશનલ** હાઇવે ઓથોરિટી અને મધ્યપ્રદેશ સરકાર આ પ્રોજેક્ટને આખરી ઓપ આપી રહી છે

**આ** હાઇવેની વચ્ચે 3 ઔદ્યોગિક ક્લસ્ટર પણ બનવાના છે, જેનો DPR તૈયાર થઈ રહ્યો છે

સુરત : નર્મદા પ્રગતિ પથ એક્સપ્રેસવે દ્વારા મધ્ય પ્રદેશના જબલપુરથી ગુજરાતના સુરત વચ્ચેની મુસાફરી માત્ર 12 કલાકમાં પૂરી થઈ જશે. 906 કિલોમીટરનો આ મેગા હાઈવે છત્તીસગઢ બોર્ડરથી શરૂ થઈને ગુજરાત બોર્ડર સુધી જશે. આ હાઈવે માટે જમીન સંપાદનનું સર્વે શરૂ થઈ ચૂક્યું છે. ભારતીય રાષ્ટ્રીય રાજમાર્ગ પ્રાધિકરણ (NHAI) અને મધ્ય પ્રદેશ સરકાર દ્વારા આને આખરી ઓપ આપવામાં આવી રહ્યો છે. આ હાઈવેની વચ્ચે 3 ઔદ્યોગિક ક્લસ્ટર પણ બનવાના છે, આ માટે પણ જમીનનું સર્વે શરૂ થયું છે. પ્રી-કન્સ્ટ્રક્શન કાર્યોની DPR પણ તૈયાર કરવામાં આવી રહી છે. આ કામ પૂરું થતાં જ આગળની પ્રક્રિયા શરૂ થશે.

જબલપુરથી સુરતની મુસાફરી 12 કલાકમાં થશે. નર્મદા પ્રગતિ પથ એક્સપ્રેસવેની શરૂઆત છત્તીસગઢ બોર્ડરથી થશે અને મધ્ય પ્રદેશની




## આ શહેરોમાંથી પસાર થશે માર્ગ

**જબલપુર, મંડલા, સિઓની, હોશંગાબાદ, ખંડવા, છોટા ઉદેપુર, વડોદરા, ભરુચ, સુરત**

વચ્ચેથી પસાર થઈને ગુજરાત બોર્ડર સુધી જશે. આવી સ્થિતિમાં ત્રણ રાજ્યો વચ્ચે શાનદાર કનેક્ટિવિટી મળશે. આનો સૌથી વધુ ફાયદો બે મોટા શહેરો જબલપુર અને સુરતને થશે. બંને શહેરો વચ્ચેનું અંતર અત્યારે 1050 કિલોમીટર છે, પરંતુ આ એક્સપ્રેસવે બનવાથી આ અંતર ઘટીને 910 કિલોમીટર થઈ જશે. એટલે કે સીધો-સીધો લગભગ 100 થી 140 કિલોમીટરનો બચાવ થશે. પહેલાં બંને શહેરો વચ્ચેની મુસાફરીમાં 18 થી 20 કલાકનો સમય લાગતો હતો, પરંતુ હવે આ અંતર માત્ર 10 થી 12 કલાકમાં પૂરું થઈ જશે.

## દક્ષિણ ગુજરાત અને સુરત માટે ફાયદા

(૧) સુરતના કાપડ (Textile) અને હીરા ઉદ્યોગ માટે મધ્યપ્રદેશથી કાચો માલ લાવવો અને તૈયાર માલ મોકલવો ખૂબ સસ્તો અને ઝડપી બનશે
(૨) દક્ષિણ ગુજરાત અને એમપીના ખેડૂતો માટે ફળ, શાકભાજી અને અન્ય કૃષિ ઉત્પાદનોની હેરફેર સરળ બનશે.
(૩) રસ્તાની આસપાસ નવા ઈન્ડસ્ટ્રિયલ ઝોન, રેસ્ટ એરિયા અને લોજિસ્ટિક્સ પાર્ક બનવાથી સ્થાનિક સ્તરે રોજગારીની નવી તકો ઉભી થશે.

## અગાઉ સુરત ચેન્નઇ હાઇવે નાસિક સુધી જ સિમિત કરી દેવાયો છે

અગાઉ સુરત ચેન્નઇ હાઇવેની જાહેરાત કર્યા બાદ કેન્દ્રીય માર્ગ પરિવહન અને રાજમાર્ગ મંત્રાલય દ્વારા મૂળ યોજનામાં મોટો ફેરફાર કરી આ પ્રોજેક્ટ 'નાસિક-ચેન્નઈ એક્સપ્રેસવે' તરીકે જ આગળ ધપાવવાનો નિર્ણય લીધો છે.
આ નિર્ણય પાછળ સુરતથી નાસિક વચ્ચેના હિસ્સામાં જમીન સંપાદનની મુશ્કેલીઓ અને પર્યાવરણીય મંજૂરીઓ મેળવવામાં ભારે વિલંબ કારણભૂત માનવામાં આવે છે.

### ખાડી યુદ્ધને લીધે બંધ પડેલી શારજાહની ફ્લાઇટ બંધ કરી હતી

# શાહજાહ- સુરત ફ્લાઇટ ફરી શરૂ, પ્રથમ દિવસે 126 પેસેન્જર ગયા

**એરઇન્ડિયા** એક્સપ્રેસની વીકમાં 4 દિવસની દુબઇ - સુરત ફ્લાઇટ પણ ડેઇલી થઇ

**શારજાહ** ફ્લાઇટ બુધ, શુક્ર અને રવિવારે ઓપરેટ થશે




સુરતઃ એર ઈન્ડિયા એક્સપ્રેસે આજે 25 ઓક્ટોબરથી શરૂ થતા વિન્ટર શિડ્યુલ માટે સુરત એરપોર્ટથી ઇન્ટરનેશનલ ફ્લાઇટ સેવાઓ ફરી વિસ્તારી છે. ખાડી યુદ્ધ વખતે 28 ફેબ્રુઆરીથી બંધ થયેલી શારજાહ - સુરત - શારજાહ ફ્લાઇટ આજથી ફરી શરૂ કરી છે. આજે પ્રથમ દિવસે સુરતથી શારજાહ 189 સીટર એરક્રાફ્ટમાં 126 પેસેન્જર ગયા હતા.

સુરત - શારજાહ - સુરત ફ્લાઇટ સુરતથી બુધવાર, શુક્રવાર અને રવિવારે ઓપરેટ થશે. બીજી તરફ ઇન્ડિગો એ સુરત - દુબઇની એકમાત્ર ઇન્ટરનેશનલ ફ્લાઇટ બંધ કરતા એર ઇન્ડિયા એક્સપ્રેસ એ એની વિકમાં 4 દિવસની સુરત - દુબઇ - સુરત ફ્લાઇટ વિન્ટર શિડ્યુલથી ડેઇલી કરી છે.

એ રીતે સુરત ઈન્ટરનેશનલ એરપોર્ટથી યુએઈના શારજાહ ની વિકમાં ત્રણ દિવસની અને દુબઇની ડેઇલી ફ્લેટનું ઓપરેશન આજથી કાર્યરત થઈ ગયું છે.

### સુરત - શારજાહ - સુરત ફ્લાઇટ મુસાફરોના આંકડા

| વર્ષ | કુલ મુસાફરો | સરેરાશ લોડ ફેક્ટર |
|---|---|---|
| 2019 | 65,000 | 75% |
| 2020 | 28,000 | 50% |
| 2021 | 40,000 | 60% |
| 2022 | 78,000 | 82% |
| 2023 | 95,000 | 88% |
| 2024 | 1,05,000 | 90% |
| 2025 | 1,10,000+ | 92% |

### શારજાહ ફ્લાઇટનું શિડ્યુલ

» બપોરે 3:15 સુરતથી પ્રસ્થાન » સાંજે 4:50 શારજાહ પહોંચશે » સાંજે 5 :50 સુરતથી ઉડશે » રાત્રે 22.00 સુરત પરત થશે




# દિવાળીની ખરીદી માટે રવિવારે સુરતીઓની ભીડ ઊમટી પડી

**ટ્રાફિક** જામ અને પાર્કિંગની સમસ્યા સર્જાઇ

**બજારોમાં** ભારે ભીડ

સુરતઃ દિવાળીના તહેવારને હવે ગણતરીના દિવસો જ બાકી રહ્યા છે, ત્યારે દિવાળી રવિવારે સુરતનાં મુખ્ય ખરીદી બજારોમાં ભારે ભીડ ઊમટી હતી. બજારોમાં પગ મૂકવાની પણ જગ્યા ન રહે તેવી સ્થિતિ સર્જાઈ હતી. નોકરિયાત વર્ગ અને રત્નકલાકારોને સમયસર પગાર અને બોનસ મળી જતાં રવિવારની રજાનો લાભ લેવા મોટી સંખ્યામાં લોકો ખરીદી માટે નીકળી પડ્યા હતા. સવારથી શરૂ થયેલી ગ્રાહકોની ચહલપહલ મોડી રાત સુધી ચાલુ રહેતાં બજારોમાં દિવાળીનો માહોલ છવાયો હતો અને વેપારીઓના ચહેરા પર પણ રોનક જોવા મળી હતી.

સુરતમાં ચૌટાબજારથી લઈને

...અનુસંધાન પાના ૯ પર

### ઈલેક્ટ્રોનિક શોરૂમમાં નો-કોસ્ટ EMIએ ગ્રાહકોને વધુ આકર્ષ્યા

મોબાઇલ, સ્માર્ટ ટીવી અને ઇલેક્ટ્રોનિક્સની ખરીદી દિવાળીના તહેવારમાં નવા ઉપકરણો ખરીદવાની પરંપરા અનુસાર લોકોએ મોબાઇલ ફોન, સ્માર્ટ ટીવી અને ઘરવપરાશનાં ઇલેક્ટ્રોનિક ઉપકરણોની ખરીદી કરી હતી. મોટા ઇલેક્ટ્રોનિક્સ શોરૂમ દ્વારા આપવામાં આવતી આકર્ષક છૂટ અને વ્યાજમુક્ત હપ્તાની સુવિધાએ ગ્રાહકોને આકર્ષ્યા હતા. નવું વર્ષ નવાં ઉપકરણો સાથે શરૂ કરવાની ઇચ્છા ધરાવતા ગ્રાહકોની શોરૂમમાં અવરજવર વધી હતી.

### વાસણો અને ગૃહસજાવટની વસ્તુઓની પણ માગ

ધનતેરસના આગોતરા શુકન અને દિવાળીના તહેવારને ધ્યાનમાં રાખીને સ્ટીલ, તાંબા અને પિત્તળનાં વાસણોની દુકાનોમાં પણ મહિલાઓની ભીડ જોવા મળી હતી. ઘરને શણગારવા માટે કંદિલ, તોરણ, રંગોળીના રંગો અને અન્ય સજાવટની વસ્તુઓની ખરીદી પણ વધી હતી. આ વર્ષે ચાઇનીઝ લાઇટ્સની સાથે સ્થાનિક બનાવટના માટીના દીવડા અને અન્ય પરંપરાગત શણગારની વસ્તુઓ તરફ પણ ગ્રાહકોનો ઝુકાવ જોવા મળ્યો હતો. ઘર અને આંગણાને દિવાળીના રંગે રંગવા માટે લોકો વિવિધ વસ્તુઓની પસંદગી કરતા જોવા મળ્યા હતા.

### બજારોમાં તેજીથી વેપારીઓમાં ખુશી

છેલ્લા કેટલાક સમયથી બજારમાં જોવા મળતી સુસ્તી દિવાળી પહેલાંના આ રવિવારે ઓછી થતી જણાઈ

...અનુસંધાન પાના ૯ પર

# પરીક્ષાના તણાવમાં મેડિકલ સ્ટુડન્ટે ઊંઘની 21 જેટલી ગોળી ખાઇ લીધી

**29મીએ** બીજા વર્ષની પરીક્ષા શરૂ થવાની છે, ઓગસ્ટમાં પરીક્ષા આપી શક્યો ન હતો

**એક** ગોળી લીધી તો ઊંઘ નહીં આવતા બીજી લીધી પછી એક બાદ એક 21

સુરતઃ સુરત નવી સિવિલ હોસ્પિટલના કેમ્પસમાં આવેલા ન્યૂ બોયઝ હોસ્ટેલમાં રહેતા MBBSના બીજા વર્ષના 22 વર્ષીય વિદ્યાર્થીએ ઊંઘ નહીં આવતાં ક્લોનાઝેપામની આશરે 21 ગોળીઓ ખાઈ લીધી હતી. આજે સવારે ઊઠ્યા બાદ ચક્કર આવતાં તેણે પિતાને જાણ કરી હતી. ત્યારબાદ તેને નવી સિવિલ હોસ્પિટલના ઈમરજન્સી વિભાગમાં સારવાર માટે ખસેડવામાં આવ્યો હતો. પ્રાથમિક સારવાર બાદ તેને દાખલ કરવામાં આવ્યો હતો. હાલ તેની તબિયત સારી હોવાનું જાણવા મળ્યું છે.

મળેલી માહિતી મુજબ, મૂળ રાજસ્થાનના ચુરુનો વતની વિનીતકુમાર જયપાલ સિંહ સુરત નવી સિવિલ હોસ્પિટલના કેમ્પસમાં આવેલા ન્યૂ બોયઝ હોસ્ટેલમાં રહી MBBSના બીજા વર્ષમાં અભ્યાસ કરે છે. તેના પિતા વતનમાં ખેતીકામ કરે છે. આગામી 29 ઓક્ટોબરથી બીજા વર્ષની પરીક્ષાઓ શરૂ થવાની હોવાથી વિનીતકુમાર આશરે દસ દિવસ પહેલાં જ પિતા સાથે સુરત આવ્યો હતો. ગત રાત્રે વિનીતકુમાર મિત્રો સાથે અભ્યાસ કરીને રૂમમાં આવ્યો હતો. ત્યારબાદ તે ઊંઘવાની તૈયારી કરી રહ્યો હતો, પરંતુ ઊંઘ નહીં આવતાં તેણે સૌપ્રથમ એક ગોળી લીધી હતી. જોકે, ત્યારબાદ પણ ઊંઘ નહીં આવતાં તેણે એક પછી એક આશરે 21 ગોળીઓ લઈ લીધી હતી. આજે સવારે 10 વાગ્યાના સુમારે ઊંઘમાંથી ઊઠ્યા બાદ તેને ચક્કર આવતાં તેણે પિતાને સમગ્ર ઘટનાની જાણ કરી હતી. જેથી પિતા તેને તાત્કાલિક નવી સિવિલ હોસ્પિટલના ઈમરજન્સી વિભાગમાં લઈ ગયા

...અનુસંધાન પાના ૯ પર

# પહેલા માળેથી પટકાતા યુવકની આંખમાંથી સળિયા આરપાર થઇ ગયો

**પલસાણામાં** લોકોએ ગ્રાઈન્ડરથી કોલમનો સળિયો કાપી હોસ્પિટલ ખસેડ્યો

સુરતઃ પલસાણાના બારાસરી ગામે નવા બંધાઈ રહેલા સ્વામિનારાયણ મંદિરની બાંધકામ સાઈટ પર રવિવારે બપોરે ગંભીર અકસ્માત સર્જાયો હતો. પહેલા માળેથી નીચે પટકાયેલા 18 વર્ષીય યુવાનની ડાબી આંખમાં ગ્રાઉન્ડ ફ્લોરના કોલમનો સળિયો ઘૂસી ગયો હતો. આંખમાંથી આરપાર નીકળી ગયેલા અંદાજે અઢી ફૂટ લાંબા સળિયા સાથે યુવાનને સારવાર માટે સુરતની નવી સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવતાં તબીબો સહિતનો સ્ટાફ પણ ચોંકી ગયો હતો.

નવી સિવિલ હોસ્પિટલ પાસેથી મળેલી વિગતો મુજબ, મૂળ પંચમહાલ જિલ્લાના ગોધરાનો રહેવાસી 18 વર્ષીય કિરણ ગુલાબ ડામોર દિવાળીની ખરીદી અને કામના અર્થે એક અઠવાડિયા પહેલાં પલસાણાના બારાસરી ગામે સંસ્કારધામ ખાતે નવા બની રહેલા સ્વામિનારાયણ મંદિરની સાઈટ પર રહેતા તેના મોટાભાઈ પાસે આવ્યો હતો. રવિવારે બપોરે કિરણ બાંધકામ સાઈટના પહેલા માળે તેના ભાઈને પાણી આપવા

...અનુસંધાન પાના ૯ પર

# સિટીલાઈટમાં લંડનથી સુરત આવેલા એન્જિનિયરના ઘરે ચોરી

**રસોડાના** દરવાજાના ખુલ્લા કાચમાંથી તસ્કરો રૂ. ૯૦,૦૦૦ ની કિંમતના બે કિંમતી આઈફોન ઉઠાવી ગયા

સુરતઃ સિટીલાઈટ વિસ્તારમાં સાસરીમાં રહેતા એક આઈ.ટી. એન્જિનિયરના ઘરે રાત્રીના સુમારે તસ્કરોએ હાથફેરો કર્યો હતો.કિચનના ખુલ્લા દરવાજા વાટે અંદર ઘૂસેલા અજાણ્યા ચોર ઈસમો રૂા. ૯૦,૦૦૦/-ની કિંમતના બે મોબાઈલ ફોન ચોરાઈ જતાં આ બનાવની ઉમરા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાઈ છે.

મૂળ સુરતના અને હાલ લંડનમાં આઈ.ટી. એન્જિનિયર તરીકે નોકરી કરતા જય હરીશભાઈ અડાતિયા (ઉં.વ. ૩૨) છેલ્લા પંદરેક દિવસથી લંડનથી સુરત વેકેશન માણવા માટે આવ્યા છે અને તેઓ સિટીલાઈટ વિસ્તારમાં સાયન્સ સેન્ટરની સામે આવેલી સંગમ સોસાયટીમાં ઘર નં. ૧૯, પોતાની સાસરીમાં પરિવાર સાથે રહે છે. ગઈ તારીખ ૨૪/૧૦/૨૦૨૬ ના રોજ તેઓ તેમની પત્ની ઈશા જોબનપુત્રા સાથે રૂમમાં બેડની બાજુના ટેબલ પર મોબાઈલ ફોન મૂકીને સૂઈ ગયા હતા. રાત્રે આશરે ૧:૦૦ વાગ્યાથી સવારના ૬:૦૦ વાગ્યા દરમિયાન કોઈ અજાણ્યા તસ્કરોએ તેમના ઘરને નિશાન બનાવ્યું હતું. સવારે છ વાગ્યે જય હરીશભાઈની ઊંઘ ઉડતા તેમણે ટેબલ પર જોયું તો તેમના બંને મોબાઈલ ફોન ગાયબ હતા. ફોન ન મળતા જય હરીશભાઈએ કિચનમાં જઈને તપાસ કરી હતી. જ્યાં કિચનના દરવાજામાં લાગેલો કાચ ખુલ્લો હતો અને બહારથી હાથ નાખીને

...અનુસંધાન પાના ૯ પર

# 8 કલાકનું વેતન અને રજાની માંગ સાથે એમ્બ્રોઈડરી કામદારોની બેઠક

**1 નવેમ્બરે** સભા યોજવા શાંત દેખાવો માટે પોલીસની મંજૂરી માગી

**મંજૂરી** નહીં મળે તો કલેક્ટર, પોલીસ, સહિતના વહીવટી તંત્ર સામે હાઇકોર્ટમાં પિટિશન કરાશે : ઇન્ટુક



સુરત : સુરતમાં એમ્બ્રોઈડરી કામદારોના કથિત શોષણ અને તેમની પડતર માંગણીઓના મુદ્દે કામદાર સંગઠનોએ ફરી આંદોલનના મંડાણ કર્યાં છે. સુરત રેલવે સ્ટેશન નજીક આવેલા શ્રમજીવી સેવાલય ખાતે મજૂર મહાજન સંઘ, ઈન્ડિયન નેશનલ ટ્રેડ યુનિયન કોંગ્રેસ (ઈન્ટુક) સહિતનાં વિવિધ કામદાર સંગઠનો દ્વારા કામદારોનું સંમેલન યોજાયું હતું. તેમાં મોટી સંખ્યામાં એમ્બ્રોઈડરી કામદારો ઉપસ્થિત રહ્યા હતા.

ઈન્ટુકના ગુજરાત એકમના પ્રમુખ નૈષધ દેસાઈ અને શાન ખાને આક્ષેપ કર્યો હતો કે, એમ્બ્રોઈડરી કારખાનાના માલિકોને પોતાની રજૂઆત કરવા સુરત પોલીસે દેખાવો યોજવાની પૂરતી તક આપી છે, પરંતુ કામદારો દ્વારા શાંતિપૂર્ણ દેખાવો યોજવા લેખિતમાં મંજૂરી માગવામાં આવી હોવા છતાં પોલીસ દ્વારા મંજૂરી આપવામાં આવી નથી.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે, કામદારોના પ્રશ્નો વહીવટી તંત્ર સુધી પહોંચાડવા માટે આગામી 1 નવેમ્બરે

...અનુસંધાન પાના ૯ પર

# પાંડેસરામાં EV બેટરી બ્લાસ્ટ થતાં 4 બાઇક ખાખ



**બેટરી** ઓવરચાર્જ થવાને કારણે થયો ધડાકો, ફાયર બ્રિગેડે અડધા કલાકમાં આગ પર કાબૂ મેળવ્યો

સુરતઃ શનિવારે મોડી રાત્રે પાંડેસરા મહાદેવનગરમાં આવેલા એક બંધ ઓટો ગેરેજમાં આગ લાગવાનો બનાવ બન્યો હતો. ગેરેજમાં ઈવીની ચાર્જ માટે મુકેલી બેટરીમાં બ્લાસ્ટ થયા બાદ આગ લાગી ગઈ હતી. જોતજોતામાં આગ આખા ગેરેજમાં ફેલાઈ જતા રિપેરિંગ માટે આવેલી બીજી ચાર જેટલી મોટર સાઈકલો પણ આગની લપેટમાં આવી જતા બળીને ખાખ થઈ ગઈ હતી.

પ્રાપ્ત જાણકારી મુજબ પાંડેસરા મહાદેવનગરમાં ઈમરાન પઠાણની માલિકીનું ઓટો ગેરેજ આવેલું છે. ગઈકાલે રાત્રે 2:43 કલાકે ગેરેજમાં એકાએક આગ ભભૂકી ઉઠી હતી. થોડી જ વારમાં આગ આખા ગેરેજમાં ફેલાઈ ગઈ હતી. તેથી ગેરેજમાં મરમ્મત માટે આવેલી બીજી ચાર જેટલી મોટર સાઈકલો પણ આગની ઝપેટમાં આવી ગઈ હતી. સ્થાનિકોએ બનાવની જાણ કરતા ફાયર બ્રિગેડનો કાફલો સ્થળ ઉપર પહોંચી ગયો હતો. સબ ફાયર ઓફિસર પ્રવિણ ટંડેલે જણાવ્યું હતુ કે, ગેરેજ બંધ અવસ્થામાં હતું તેથી તેનું તાળું તોડીને ખોલી નાખવામાં આવ્યું હતુ. ગેરેજમાં ઈવીની બેટરી ચાર્જિંગમાં રાખીને ગેરેજ બંધ કરી માલિક જતા રહ્યાં હતા. બેટરી ઓવરચાર્જ થતા તેમાં જોરદાર બ્લાસ્ટ થયો હતો અને ત્યારબાદ આગ લાગવાની શરૂઆત થઈ હતી. બાદમાં ફાયર બ્રિગેડની ટીમે સતત પાણીનો મારો ચલાવીને આગને અડધા કલાકની અંદર કાબુ કરી લીધી હતી. આગની લપેટમાં

...અનુસંધાન પાના ૯ પર

# ઉધનામાં રાહુલ એપાર્ટેમેન્ટે પક્કડથી યુવકનો નખ ખેંચી નાંખ્યો

**જૂની** અદાવતમાં યુવકનું અપહરણ કરી બાજપેઇ આવાસમાં લઇ જઇ માર માર્યો

સુરતઃ ઉધના વિસ્તારમાં ૨૦૨૨ના જૂના કેસમાં સમાધાન કરવા માટે એક યુવકનું મોટરસાઈકલ પર અપહરણ કરી, તેને અઢી કલાક સુધી ગોંધી રાખી લાકડાના ફટકા તથા પક્કડ વડે ઢોરમાર મારી જીવલેણ હુમલો કરાયાની સનસનાટીભરી ઘટના સામે આવી છે.આ અંગે ભેસ્તાનના યુવકે સિવિલ હોસ્પિટલના વોર્ડ માંથી નોંધાવેલી ફરિયાદના આધારે પોલીસે રાહુલ એપાર્ટમેન્ટ સહિતના સાગરીતો સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

ભેસ્તાનના તીરુપતિ બાલાજી સોસાયટીમાં રહેતા અને છૂટક મજૂરી કરતા અજય ઉર્ફે ભજજી ભાવરાવ આંબેકર (ઉં.વ.૨૯) ગત તા. ૨૨મી

...અનુસંધાન પાના ૯ પર

અવસાન/શ્રધ્ધાંજલિની જાહેરાત ઘર બેઠા આપવા માટે સંપર્ક કરો
M.81539 99901
ગુજરાતમિત્ર



દશમી પૂણ્યતિથિએ
...હાર્દિક શ્રદ્ધાંજલિ...
સર્વસ્વનું સમર્પણ તમે પ્રભુ ચરણે કર્યુ,
આનંદ પૂર્વક હસતા હસતા જીવન સાર્થક કર્યુ.
સમજણ ને સંતોષથી પ્રભુ વિશ્વાસે જીવન પૂર્ણ કર્યુ.
સૌને સેવા સમર્પણ નો રાહ બતાવી મહા પ્રસ્થાન કર્યુ....
પ્રભુ આપના દિવ્ય આત્માને પરમ શાંતિ અર્પે એજ અમારી પ્રાર્થના..
લિ. રજનીકાંત ડાહ્યાભાઈ માંડલેવાલા
રાકેશ રજનીકાંત માંડલેવાલા | જાગૃતિ રાકેશ માંડલેવાલા
ભાવિન શાંતિલાલ ગાંધી (USA) | સીમા ભાવિન ગાંધી (USA)
મોહિત રાકેશ માંડલેવાલા | જાનવી રાકેશ માંડલેવાલા
અભિષેક ભાવિન ગાંધી (USA) | રોમા ભાવિન ગાંધી (USA)
તથા સમસ્ત માંડલેવાલા પરિવાર
સ્વ. જયબાળા રજનીકાંત માંડલેવાલા
જન્મ તા. ૨૬.૦૯.૧૯૪૭
સ્વ. તા. ૨૬.૧૦.૨૦૧૬
૧૧/બી, 'કેદાર' મયુર સોસાયટી, આર્જવ એપાર્ટમેન્ટ પાછળ, સીટીલાઈટ, સુરત.



સ્વ. ભુપેન્દ્રભાઈ
ઉર્ફે ચિન્તુભાઇ જયંતીભાઇ પટેલ
જન્મ તા. ૩૧/૦૩/૧૯૭૮
સ્વ. તા. ૨૦/૧૦/૨૦૨૬
શ્રદ્ધાંજલિ
ક્યારેય કલ્પિ ન શકાય તેવી અણધારી વિદાય અમારા સૌના કાળજા કંપાવી ગઈ. તમારો સદા હસતો ચહેરો અને સદા તમારો મળતાવડો સ્વભાવ અમોને કુટુંબને તેમજ સમાજને સદા યાદ રહેશે. પ્રભુને ત્યાં એવી તે શું ખોટ પડી કે અમારા ખજાનેથી રત્ન લઈ ગયા. પરમકૃપાળુ પરમાત્મા તમારા દિવ્ય આત્માને ચિર શાંતિ અર્પે એજ અમારી પ્રભુને પ્રાર્થના...
લિ.
શ્રી વામનભાઈ સુખાભાઈ ઉર્ફે નારણભાઈ પટેલ
શ્રી જયકુમાર વામનભાઈ પટેલ
શ્રી હર્ષકુમાર વામનભાઈ પટેલ
શ્રી ધ્રુવિલકુમાર શાન્તુભાઈ પટેલ
શ્રી શીવકુમાર ઈશ્વરભાઈ પટેલ
(ઓમ, શીવ, ટીયા, ઉર્જા)
પટેલ ફળિયુ, વડોદ ગામ, ભેસ્તાન, સુરત.



સત કૈવલ સાહેબ
ભાવપૂર્ણ શ્રદ્ધાંજલિ
તમે અમારી સાથે નથી પણ, તમારી યાદોનો ભંડાર અમારા હૃદયમાં ધબકિયા કરે છે. દેહ ભલે અદ્રશ્ય થયો પણ, યાદ હંમેશા અમારી સાથે રહેશે. આપની મધુર સ્મૃતિઓ, નિર્મલ નિખાલસતા એ બધું તમારું અમારા હૃદયમાં અકબંધ રહેશે સદા. પ્રભુ આપના દિવ્ય આત્માને શાંતિ અર્પે એજ પ્રાર્થના.
લિ.
શ્રી રાજુભાઇ ઝીણાભાઇ પટેલ. | અ.સૌ. ઉષાબેન રાજુભાઇ પટેલ.
તક્ષિલ રાજુભાઇ પટેલ. | માનસી ભૂપેન્દ્રભાઇ પટેલ.
સ્વ. નિશિત રાજુભાઇ પટેલ. | શ્રી અરુણભાઇ ઝીણાભાઇ પટેલ.
સ્વ. ધનસુખભાઇ ઝીણાભાઇ પટેલ. | શ્રી અર્જુનભાઇ ઝીણાભાઇ પટેલ.
શ્રી ભીખુભાઇ ઝીણાભાઇ પટેલ. | તથા સમસ્ત પરિવાર
સ્વ. ભુપેન્દ્રભાઇ
ઉર્ફે ચિંતુભાઇ જયંતીભાઇ પટેલ
જન્મ તા. ૩૧.૦૩.૧૯૭૮
સ્વ.તા. ૨૦-૧૦-૨૦૨૬
સ્થળ : ગાંધી ફળિયું, ભીમરાડ, સુરત